# SARDAR PATEL UNIVERSITY
**VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA**
**NAAC Accreditation CGPA 3.25 Grade - 'A'**

**Website : www.spuvvn.edu** **Fax: (02692) 230309, 226807**

**ACADEMIC SECTION**

નંબરઃડી/બી-૩/ટર્મ શિડ્યુલ/૨૦૨૧-૨૨/ ૨૦૭૫ તારીખઃ ૨૮/૭/૨૦૨૧

**અગત્યનું / સમય મર્યાદા**

પ્રતિ,
વડાશ્રી
અનુસ્નાતક વિભાગો
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર.

પ્રતિ,
આચાર્યશ્રીઓ
યુનિવર્સિટી સંલગ્ન કોલેજો

સુજ્ઞશ્રી / સુશ્રી,

રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું કોમન એકેડેમિક કેલેન્ડર નિયત કરવા બાબતના નાયબ સચિવ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખઃ૦૪/૦૬/૨૦૨૧ના ઠરાવ ક્રમાંકઃ-પરચ/૨૦૧૮/૬૧/ખ-૧ના અનુસંધાનમાં વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, મેનેજમેન્ટ, એજ્યુકેશન, કાયદાશાસ્ત્ર અને ગૃહવિજ્ઞાન વિદ્યાશાખાઓના સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨નું સત્રારંભ, દિવાળીની રજાઓ, સત્રાંત તથા ઉનાળુ વેકેશન વગેરે માટેનું સમયપત્રક (ટર્મ શિડ્યુલ) તૈયાર કરેલ છે. જેને માનનીય કુલપતિશ્રી દ્વારા મંજૂર કરેલ છે, સદર બાબતની નોંધ લઇ આગળની યોગ્યતે કાર્યવાહી કરવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

કા. કુલસચિવ

રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું કોમન એકેડમિક કેલેન્ડર નિયત કરવા બાબત.

ગુજરાત રાજ્ય
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:-પરચ/૨૦૧૮/૬૧/ખ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૪/૦૬/૨૦૨૧

આમુખ:-

શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓ માટે મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે વખતો વખત કોમન એકેડમિક કેલેન્ડર નિયત કરવામાં આવે છે. હાલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે પણ કોમન એકેડમિક કેલેન્ડર નિયત કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે પણ શિક્ષણ વિભાગ હેઠળની સર્વે સરકારી યુનિવર્સિટીઓના મેડીકલ અને ફાર્મસી સિવાયના અભ્યાસક્રમો માટે નીચે મુજબનું કોમન એકેડમિક કેલેન્ડર આથી નિયત કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | સમયગાળો (તારીખ) |
|---|---|---|
| ૧. | પ્રથમ સત્ર (UG સેમ-3 અને ૫; ચાર વર્ષના UG પ્રોગ્રામમાં સેમ. ૭ પણ તથા PG સેમ-3) | તા.૦૭-૦૬-૨૦૨૧થી ઓનલાઈન શિક્ષણકાર્ય શરૂ કરવું. |
| | પ્રથમ સત્ર (UG/PG સેમ-૧) | હવે પછીથી જાહેર કરવામાં આવશે. |
| ૨ | દિવાળી વેકેશન | તા.૦૧-૧૧-૨૦૨૧ થી તા.૧૩-૧૧-૨૦૨૧ (Proposed) |
| 3 | યુનિ. વિભાગ/કોલેજોનું આંતરિક મુલ્યાંકન | વિક્લી ટેસ્ટ/પ્રોજેક્ટ વર્ક/ગૃપ ડિસ્કશન વગેરેથી પ્રથમ સત્રના અંત પહેલા |
| ૪ | દ્વિતીય સત્ર (UG સેમ. ૪ અને ૬ તથા PG સેમ.૪) | તા.૦૧-૧૨-૨૦૨૧ સુધીમાં શરૂ કરવું |
| ૫ | યુનિ. વિભાગ/કોલેજોનું દ્વિતીય સત્ર આંતરિક મુલ્યાંકન | વિક્લી ટેસ્ટ/પ્રોજેક્ટ વર્ક/ગૃપ ડિસ્કશન વગેરેથી ફેબ્રુઆરી/માર્ચ ૨૦૨૨ સુધીમાં |
| ૬ | નવું શૈક્ષણિક સત્ર ૨૦૨૨-૨૩ | તા.૧૫-૦૬-૨૦૨૨થી શરૂ કરવું |

૩. વધુમાં હાલમાં દરેક યુનિવર્સિટીઓ ઓનલાઇન શિક્ષણ અને ઓનલાઈન પરીક્ષા જ લઈ શકશે. રાજ્ય સરકાર તરફથી સુચનાઓ મળ્યા બાદ જ ઓફલાઇન પરીક્ષા અને ભૌતિક વર્ગખંડ શિક્ષણ ચાલું કરવાનું રહેશે.

૪. હાલ ધોરણ-૧૨નું પરિણામ બાકી હોઈ પ્રથમ સેમેસ્ટર માટેની તારીખ હવે પછી જણાવવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.(અલાયદા પત્ર દ્વારા)
-માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.નાયબ મુખ્યમંત્રીશ્રી અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.મંત્રીશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન.રા.ક.મંત્રીશ્રી (ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અગ્રસચિવશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
-કુલસચિવશ્રી, સંબંધિત સર્વે યુનિવર્સિટીઓ અને સંબંધિત સર્વે સરકારી કોલેજો (મારફત ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર./મારફત ટેકનિકલ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, કર્મયોગી ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર)
-એડવાઇઝરશ્રી, કે.સી.જી. કચેરી, પ્રજ્ઞાપુરમ, એલ.ડી.ઇજનેરી કોલેજની બાજુમાં, નવરંગપુરા. અમદાવાદ
-નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
-શાખા સિલેક્ટ ફાઇલ.